ભંગી કોમના પ્રાથમિક શિક્ષકોની
બદલીઓ અને નિમણુંકો બાબત...

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: પીટીઆર-૧૧૮૭-એમ.૧૦૭૨-ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ..-JAN 1990

વંચાણમાં લીધાં :- (૧) શિક્ષણ વિભાગનો તા. ૧૮-૭-૮૭નો પરિપત્ર ક્રમાંક: પીટીઆર-૧૧૮૭-એમએલએ.૪૭-ક

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા. ૧૭-૧૦-૮૧નો પરિપત્ર ક્રમાંક: ૨૯/પનસ/૭/૮૧-૮૨/૭/ગુજ/૧૦૭૧૭-૧૦૭૫૫.

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા. ૨૯-૧૦-૮૭નો પત્ર ક્રમાંક:૨૯/પનસ/૭/૮૭-૮૮/૭/ગુજ/૧૨૧૨૨-૪૮.

પરિપત્ર

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા. ૧૭-૧૦-૮૧ના પરિપત્રથી પ્રાથમિક શિક્ષકોની બદલી કરવા માટે કેટલાક સિધ્ધાંતો નકકી કરવામાં આવેલ છે. જે દરેકે દરેક જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને સામાન્ય અને યોગ્ય રીતે લાગુ પડે છે, પરંતુ તેમાં અનુસૂચિત જાતિ અને જનજાતિના પ્રાથમિક શિક્ષકોને કેટલાક સંજોગોને આધિન રહીને સહાનુભૂતિપૂર્વક કેટલીક બાબતોમાં છુટછાટ આપવામાં આવેલ છે. આ વિભાગના તા. ૧૮-૭-૮૭ ના પરિપત્રથી સરકારશ્રીએ અનુસૂચિત જાતિના ખાસ કરીને ભંગી જાતિના પ્રાથમિક શિક્ષકોને મકાન મેળવવાની મુશ્કેલી ન પડે તથા સામાજિક સગવડો સચવાય તે રીતે તેમના વતનની નજીકનની શાળામાં અથવા તાલુકા મથકે મૂકવા જણાવેલ છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૨૯-૧૦-૮૭ના પત્રમાં નવીન નિમણુંક મેળવનાર પ્રાથમિક શિક્ષકના કિસ્સામાં પ્રથમ તેઓએ નિમણુંકના સ્થળે સતત ત્રણ વર્ષ સુધી ફરજીયાત નોકરી કરવા જણાવેલ છે અને પ્રથમ નિમણુંક વખતે જે તે સ્થળની શાળાની ખાસ પરિસ્થિતિ એટલે કે શિક્ષકોની હાજરીની પ્રાથમિક જરુરીયાત શિસ્તને ધ્યાનમાં રાખીને પ્રથમ ત્રણ વર્ષ સુધી એક જ સ્થળે રહેવા માટેની ખાસ જરુરિયાત રાખવામાં આવેલ છે. અને તે માટે રૂા.૧૦,૦૦૦/-ના

....૨......

બોન્બો જોગવાઇ પણ રાખવામાં આવો છે. તેમાં કોઇપણ પ્રકારનો આવા ભંગી જાતિના પ્રાથમિક શિક્ષકોને પણ છૂટછાટ આપવામાં આવેલ નથી. તેથી તા. ૧૮-૭-૮૭ના શિક્ષણ વિભાગના પરિપત્રમાં છુટછાટ આપીને આવા શિક્ષકોને તેમની રહેઠાણની અગવડતા કે સામાજિક પરિસ્થિતિ અંગેની રજૂઆત ધ્યાનમાં લઇ તાલુકા મથકે અથવા તો વતનની નજીક નિમણુંક આપવા માટે છુટછાટ આપેલ છે, તેનો લાભ આપવા માટે વિચારણા કરવાનું ઘણું જ મુશ્કેલરુપ બની જાય છે. તેથી આ બાબતમાં થયેલી કેટલીક રજૂઆતો અન્વયે ભંગી જાતિના પ્રાથમિક શિક્ષકોની બદલીઓ કરવા અંગે છૂટછાટ આપવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રી સમક્ષ વિચારણા હેઠળ હતો. સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે નીચે જણાવ્યા પ્રમાણે સુચના આપવા નકકી કરેલ છે.

ભંગી જાતિના શિક્ષકોની નવી નિમણુંક કરતી વખતે ગ્રામ્ય શાળાના સ્થાનને બદલે શક્ય હોય તો તાલુકા મથકે મૂકવા અને જો તેઓનું વતન તે જ જિલ્લામાં હોય તો તેમના વતનની નજીકની શાળામાં મૂકવા. ભંગી જાતિના પ્રાથમિક શિક્ષકોને તેમના વતન સિવાયના અન્ય જિલ્લામાં નવી નિમણુંક કરતી વખતે ભંગી જાતિના મકાન હોય તેવા સ્થળે અથવા તો તાલુકા મથકે શકય હોય તો નિમણુંક આપવી, તેમજ પ્રવર્તમાન નિયમાનુસાર નવી નિમણુંક પામેલ ભંગી જાતિના પ્રાથમિક શિક્ષકોની બદલી માટેની રજૂઆત પરત્વે એક જ સ્થળે ત્રણ વર્ષની નોકરી પૂરી કર્યા બાદ નિયમાનુસાર કાર્યવાહી સત્વરે હાથ ધરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્ર. હિ. વસાવા
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માનનીય મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી.
માનનીય રાજય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા શિક્ષણ સમિતિ, જીલ્લા પંચાયત ~~પંચાયત~~ શાસનાધિકારીશ્રીઓ, ગાંધીનગર શહેર/ગાંધીનગર ગ્રામ્ય/ડાંગ-આહવા.
સિલેકટ ફાઇલ.
મદદનીશ સિલેકટ ફાઇલ.

./ડામોર/